ગરીબ કહે છે.
(૨) તેની બીજી કમજોરી એ છે કે તેમાં અબ્દુલ્લાહ બિન અમ્ર રઝિયલ્લાહુ અન્હુ માટે એ વાકય કે તેઓ આ દુઆને પોતાના અણસમજુ (નાની વયના) બાળકોનાં ગળામાં લખીને લટકાવી દેતા હતા એ હદીસના શબ્દો નથી બલકે રાવી તરફથી એ વાત કહેવામાં આવી છે.
(૩) આ રિવાયતની ત્રીજી કમજોરી એ છે કે જે અબ્દુલ્લાહ બિન અમ્ર રઝીયલ્લાહુ અન્હુ માટે આ રિવાયતમાં એમ કહેવામાં આવ્યું છે કે તેઓ પોતાના નાના બાળકોના ગળામાં આ દુઆ લખીને લટકાવી દેતા હતા ખુદ એ જ અબ્દુલ્લાહ બિન અમ્ર રઝીયલ્લાહુ અન્હુથી તાવીઝ લટકાવવાની બુરાઇ વિશે સહીહ રિવાયત આવેલી છે. પછી એ કેવી રીતે શકય છે કે એક સહાબી કોઇ ચીજની બુરાઇ અંગે હદીસ પણ રિવાયત કરે અને બીજી તરફ એ બુરાઇમાં પોતે સપડાયેલ પણ હોય?
મજકુર રિવાયત આ મુજબ છે.

અબ્દુલ્લાહ બિન અમ્ર રઝિયલ્લાહુ અન્હુની રિવાયત છે કે મેં રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમ કહેતા સાંભળ્યા કે જો હું આ ત્રણ વાતો કરૂ તો તેનો અર્થ એ છે કે હવે મને હક અને નાહકની કશી દરકાર નથી. એ ત્રણ વાતો આ છે (૧) તિયાર્કનો ઉપયોગ કરૂં કે જેમાં શરાબ અને સર્પનું ગોસ્ત હોય છે (૨) તા'વીઝ લટકાવવું અને (૩) શાયરી કરૂ.

(મિસ્કાતમાં આ હદીસના રાવી તરીકે ભૂલથી અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રઝીયલ્લાહુ અન્હુનું નામ લખાઇ ગયુ છે, અલ્લામાં ઈબ્ને હજર અસ્કલાની કહે છે કે આ રિવાયત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રઝિયલ્લાહુ અન્હુથી નથી પણ અબદુલ્લાહ ઈબ્ને અમ્ર રઝિયલ્લાહુ અન્હુથી છે. અબુ દાઉદમાં પણ આ રિવાયત એજ રીતે છે.)
(૪) આ રિવાયતની ચોથી કમજોરી એ છે કે તેના બે રાવી મુહમ્મદ બિન ઈસ્હાક અને અમ્ર બિન શુઅયબ એવા રાવીઓ છે જેમના વિશે હદીસના ઈમામોએ ઉગ્ર ચર્ચા કરી છે. મુહમ્મદ બિન ઈસ્હાક બિન યસાર વિશે ઈમામ માલિક રહમતુલ્લાહ ફરમાવે છે કે દજજાલુમ મિન દજાજલુતુમ, એટલે કે તે દજજાલ છે.
(જીલ્દ-૯, પા. ૪૧ મીઝાન : જીલ્દ-૩, પા. ૨૧)

સુલયમાન તમીમી કહે છે કે તે કઝઝાબ (મહાન જુઠો) છે. હિશ્શામ બિન ઉર્વાહ કહે છે કે તે કઝઝાબ છે. યહ્યા કિતાન કહે છે કે હું એ વાતની સાક્ષી આપું

શકાય છે. જેમાની કેટલીક અહીં આપવામાં આવી છે.

અબ્દુર્રહમાન બિન શુબલ અન્સારી રઝિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે મેં નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસેથી સાંભળ્યું છે કે કુર્આન પઢો પણ તેને રોટી કમાવવાનું સાધન બનાવો નહીં. (મુસ્નદ અહમદ જુઝ-૩, પા. ૪૪૪)

બુરયદા રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈર્શાદ ફરામવ્યો કે જે કુર્આન પઢીને તેને લોકો પાસેથી રોજી મેળવવાનું સાધન બનાવે છે તે કયામતના દિવસે એવી હાલતમાં આવશે કે તેના ચહેરા પર માત્ર હાડકાં હશે ગોસ્ત નહી હોય. (બયહકી, મિસ્કાત : પા. ૧૯૩)

એટલે જ તો ઈમામ બુખારીએ પોતાની સહીહ બુખારીમાં કુર્આનને રોટી કમાવવાનું સાધન બનાવવાના ગુનાહ અંગે એક આખું પ્રકરણ બનાવ્યું છે. એટલે કે, તે શખ્સના ગુનાહનુ એક પ્રકરણ છે જે કુર્આનને રિયાકારી (ડોળ અને દમ) માટે ઉપયોગમાં લે અથવા તેને રોટી કમાવવાનું સાધન બનાવે અથવા તે દ્વારા ફિસ્ક અને ફિજુર કરે. (બુખારી : પા. ૭૫૬)

અબુ દાઉદની રિવાયતમાં છે કે ઉબાદહ બિન સામીત રઝિયલ્લાહુ અન્હુએ એક માણસને કુર્આનની તાલીમ આપી હતી. તેમના એ શાગિર્દ તેમને ભેટ તરીકે એક ધનુષ્ય આપ્યું તો નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે આ આગનો ગાળિયો (તૌક) છે જો પહેરવાની હિમ્મત હોય તો સ્વીકારી લો.
(અબુ દાઉદ : પા. ૪૮૫)

આ સ્પષ્ટ અને સાફ હદીસોની રોશનીમાં હસન બસરી રહમતુલ્લાહનો એક ફતવો પણ નજર સામે રહે તો વધુ મુનાસિબ છે.

હસન બસરી રહમતુલ્લાહ ફરમાવે છે કે દોરડા પર ચાલીને કરતબ દેખાડનારો નટ કે જે દોરડા ઉપર હોય છે તે એ આલિમો કરતા સારો છે જેઓ માલ દોલત તરફ ઝુકી જાય છે કારણ કે એ નટ તો દુનિયાને દુનિયાદારી વડે મેળવે છે અને આ આલિમો દુનિયાને પોતાની દીનદારી વડે મેળવે છે.
(મિર્કાત શર્હે મિશ્કાત : જીલ્દ-૩, પા. ૬૨૫)

આ બધુ જોયા જાણ્યા પછી કુર્આનને તાવીઝ સ્વરૂપે વેચનારાઓએ કાંઈક તો ખુદાથી ડરવું જોઈએ.

સાંભળી લો ! આ ઉમ્મતને આજે જે શિક્ષા મળી રહી છે તે આ શિર્કની શિક્ષા છે અને જો હજુ પણ શિર્કના આ બધા સ્વરૂપોથી તૌબા કરીને શુદ્ધ તૌહીદ તરફ પાછા ફરવાની કોશિશ કરવામાં નહી આવે તો સંપૂર્ણ વિનાશ નિશ્ચિત છે.

